# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન : મહાશિવરાત્રિ
## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

### પરિચય

સિદ્ધયોગ પથ પર, આપણને ‘ૐ નમઃ શિવાય’ મંત્રનો જપ કરવો ખૂબ જ પ્રિય છે. સાચી વાત છે ને? અને જેવું આપણને ‘मांगल्य को बढ़ाओ, महाशिवरात्रि का उत्सव मनाओ’ (માંગલ્ય વધારો, મહાશિવરાત્રિનો ઉત્સવ મનાવો) સિદ્ધયોગ સત્સંગમાં ભાગ લેવાનું આમંત્રણ મળ્યું કે તરત જ આપણે હજી વધારે ઉત્સાહ સાથે મંત્રજપ કરવાનું શરૂ કરી દીધું.

આ સત્સંગનું આયોજન ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મહાશિવરાત્રિના અવસર પર સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં કરવામાં આવ્યું હતું. શ્રી મુક્તાનંદ આશ્રમમાં સ્થિત ભગવાન નિત્યાનંદના મંદિરમાંથી તેનું સીધું વિડીઓ પ્રસારણ થયું હતું. પરંપરાગત રીતે મહાશિવરાત્રિની રાત્રિએ જાગરણ કરવામાં આવે છે, તેથી આ સત્સંગ ન્યૂયોર્કના સમયાનુસાર સાંજના સમયે થયો હતો. મેં સાંભળ્યું કે ઘણા દેશોમાં લોકો સત્સંગના આ સમયથી *ખૂબ જ ખુશ* હતાં, કારણ કે આ સમય હોવાનો અર્થ એ હતો કે તેઓ તેમની આંખો પૂરેપૂરી ખુલ્લી રાખીને અને પૂરી એકાગ્રતા સાથે સત્સંગમાં ભાગ લઈ શકશે. *તમને ખબર જ છે કે તમે કોણ છો!*

સત્સંગ દરમ્યાન, જૂલિયન એલ્ફરે સૂત્રધારના રૂપમાં સેવા અર્પિત કરી. જૂલિઅન એક સિદ્ધયોગી છે અને ન્યૂયૉર્ક શહેરમાં અભિનેતા અને ઑડિયો પુસ્તકોના વાચક એટલે કે નરેટર તરીકે કાર્યરત છે. સત્સંગ પછી તમારાંમાંથી ઘણાં બધાં લોકોએ મને કહ્યું કે જૂલિયને જે રીતે સત્સંગનું સંચાલન કર્યું, તેમાં તેમને ખૂબ જ સ્પષ્ટતા અને આત્મીયતાનો અનુભવ થયો. જૂલિયને મહાશિવરાત્રિના મહત્ત્વ વિશે જણાવ્યું અને આ રાત્રિએ સિદ્ધયોગ પરંપરાના મંત્ર, ‘ૐ નમઃ શિવાય’નો જપ કરવાની વિશેષ શક્તિ વિશે સમજાવ્યું.

જૂલિયનના અતિ સ્પષ્ટ પરિચય પછી આપણે શ્રીગુરુમાઈને સાંભળ્યાં. તેમણે આપણને કહ્યું કે આપણે મંત્રધૂન ગાવાનું શરૂ કરીએ તેની પહેલાં રૉબિન જેન્સન આપણને પવિત્ર બિલ્વપત્ર વિશે જણાવશે, જે પારંપરિક રીતે ભગવાન શિવને ખાસ કરીને આ રાત્રિએ અર્પિત કરવામાં આવે છે.

રૉબિન એક સિદ્ધયોગી છે અને કેલિફૉર્નિયામાં રહે છે. તેમણે ખૂબ જ સુંદરતાથી બિલ્વપત્રના મહત્ત્વ વિશે જણાવ્યું. તેમણે એ પણ જણાવ્યું કે આપણે ‘બિલ્વાષ્ટકમ્’ સાંભળીશું, જે મહાન ઋષિ આદિ શંકારાચાર્ય દ્વારા રચિત સ્તોત્ર છે. રૉબિને કહ્યું કે આ સ્તોત્રને જે ધૂનમાં ગાવામાં આવશે તેની સંગીતરચના ગુરુમાઈજીએ કરી છે અને પછી આપણને આમંત્રિત કર્યાં કે આપણે સિદ્ધયોગ સંગીતમંડળીની સાથે આ સ્તોત્રના દરેક શ્લોકના અંતે આવતું પદ ગાઈએ : ‘એકબિલ્વં શિવાર્પણમ્’ જેનો અર્થ છે, “હું ભગવાન શિવને એક પવિત્ર બિલ્વપત્ર અર્પણ કરું છું.” (આપણે આ શબ્દોને ગાવાની તૈયારી કરીને આવ્યાં હતાં, કારણ કે સત્સંગના આમંત્રણમાં આપણને તે યાદ કરવા માટે સૂચવવામાં આવ્યું હતું.)

ગુરુમાઈજીએ ‘બિલ્વાષ્ટકમ્’ ગાયું. દરેક શ્લોકના અંતે, સંગીતના કંડક્ટર ક્રિષ્ના હદ્દાદે સંગીતમંડળી સાથે ‘એકબિલ્વં શિવાર્પણમ્’ ગાવામાં આપણું માર્ગદર્શન કર્યું.

આના થોડા દિવસો પછી હું એક વ્યક્તિ સાથે સેવા–મીટિંગમાં હતી, અને એ સ્વાભાવિક જ હતું કે અમે થોડો સમય કાઢીને સત્સંગમાંથી અમારી સૌથી પ્રિય ક્ષણોને યાદ કરવા માગતા હતા. આ વ્યક્તિએ મને જણાવ્યું કે જ્યારે ગુરુમાઈજી ‘બિલ્વાષ્ટકમ્’ ગાઈ રહ્યાં હતાં અને ભગવાન શિવની આરાધના કરી રહ્યાં હતાં ત્યારે તેને મહસૂસ થયું કે ગુરુમાઈજીના સાન્નિધ્યમાં *ત્યાં ઉપસ્થિત હોવું* તેના માટે મહાન સૌભાગ્યની વાત છે. આ સિદ્ધયોગીને અનુભવ થયો કે ભગવાન, શ્રીગુરુ અને આત્મા એક જ છે. વૈશ્વિક હૉલમાં એક જ સ્વર વ્યાપ્ત હતો. આ દિવ્ય ઐક્ય સ્પષ્ટરૂપે મહસૂસ થઈ રહ્યું હતું.

આપણે તો પહેલાંથી જ ‘બિલ્વાષ્ટકમ્’ની સુંદરતા અને પાવનતામાં ભીંજાઈ ચૂક્યાં હતાં, અને પછી સત્સંગમાં આગળ વધતાં, આપણે પાવન ધ્વનિઓમાં સ્વયંને હજી વધારે નિમગ્ન કરી દીધી. આપણે ભૂપાલી રાગમાં, ગુરુમાઈજી સાથે દીક્ષામંત્ર, ‘ૐ નમઃ શિવાય’ની ધૂન કરી.

મંત્રધૂન પછી આપણે અત્યંત ગહન, અત્યંત પ્રગાઢ ધ્યાન કર્યું. અને જ્યારે આપણે ધ્યાનમાંથી બહાર આવ્યા ત્યારે ઊભા થઈને આપણાં શ્રીગુરુઓની આરતી કરી. ધ્યાનમાં આપણી આંખો બંધ હતી અને આપણે પ્રકાશની અનુભૂતિ કરી. આરતી દરમ્યાન આપણી આંખો ખુલ્લી હતી અને આપણે આરતીની જ્યોતને નિહાળી.

ત્યારબાદ આપણે આપણા સ્થાન પર બેસી ગયાં, આપણાં હૃદય કૃતજ્ઞતાથી છલકાઈ રહ્યાં હતાં. થોડી ક્ષણો માટે આપણે વૈશ્વિક હૉલના ચમકતા નીલ–મંડપની નીચે બસ બેઠાં રહ્યાં. આપણી આંખો ગુરુમાઈજીના સ્વરૂપને નિહાળી રહી હતી. આપણે તેમની સાથે સત્સંગમાં છીએ, ખાસ કરીને મહાશિવરાત્રિની આ રાત્રિ પર, એના માટે આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવા કોઈ શબ્દોની જરૂર જ નહોતી. એવું લાગ્યું જાણે વાતાવરણ થોડું બદલાઈ ગયું, વધારે જાગરૂક થઈ ગયું, વધારે પ્રકાશિત થઈ ગયું. આપણા કાન સતર્ક થઈ ગયા. મારા તો થઈ જ ગયા હતા. મારા માટે આ કોઈપણ સત્સંગની સૌથી રોમાંચક ક્ષણ હોય છે — જ્યારે ગુરુમાઈજી તેમની શિખામણો પ્રદાન કરવાનાં હોય છે. એક સિદ્ધયોગીના રૂપમાં, હું મારા મન, મારી બુદ્ધિ, મારા હૃદયને કાર્યરત કરવા માટે તત્પર હોઉં છું. અને એક લેખિકાના રૂપમાં, હું એ અવસરનો આનંદ માણું છું કે મને જે પ્રાપ્ત થયું છે અને જે સમજાયું છે, તેને મારા કૌશલ્યનો ઉપયોગ કરીને શબ્દોમાં વ્યક્ત કરી શકું.

મને પૂરી ખાતરી છે કે મારી જેમ તમને પણ લાગ્યું હશે કે ગુરુમાઈજી સીધાં તમારી સાથે વાત કરી રહ્યાં છે. તમને લાગ્યું હશે કે તેમના શબ્દો તમારા માટે જ છે, અને તમારા જીવનના આ સમય માટે છે, તમે જે પણ વિચારી રહ્યા હતા અને જે પણ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા, તે બધાં પર તેમના શબ્દો લાગુ થઈ રહ્યા હતા.

આ સત્સંગમાં ગુરુમાઈજીએ ઘણી બધી શિખામણો પ્રદાન કરી અને તેમણે આ શિખામણો ઘણી બધી *રીતે* પ્રદાન કરી. મકરસંક્રાંતિના ઉપલક્ષમાં આયોજિત સત્સંગ વિશે મેં “શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન”ના મારા પરિચયમાં લખ્યું હતું કે ગુરુમાઈજી જે કંઈ પણ કહે છે અને કરે છે, તેઓ આપણને તેમની શિખામણ પ્રદાન કરી રહ્યાં હોય છે. મેં ગુરુમાઈજીનાં વચનો પર વ્યક્તિગતરૂપે અને સામૂહિકરૂપે મનનચિંતન કરવાના મહત્ત્વ

વિશે પણ વિસ્તારથી લખ્યું હતું. સાધનામાં આપણી પ્રગતિ મહદંશે એ વાત પર નિર્ભર કરે છે કે શ્રીગુરુ આપણને જે શીખવી રહ્યાં છે તેને ગહનતાથી સમજવાની આપણી ક્ષમતા કેટલી છે. જેમ બાબા મુક્તાનંદ ઘણીવાર કહેતા હતા, “એક સાધકને તેના પ્રયત્ન અનુસાર જ શક્તિના વિકાસનો અનુભવ થાય છે.”

મને એ સાંભળીને ખૂબ જ ખુશી થઈ કે તમારાંમાંથી ઘણાં બધાં લોકોને મકરસંક્રાંતિ સત્સંગમાંથી ગુરુમાઈજીની શિખામણો પર મારાં મનનચિંતન વાંચવાં અને સાંભળવાં ગમ્યાં. ઉદાહરણ તરીકે, એક વ્યક્તિએ કહ્યું કે જો “શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન”ની અંતર્ગત લેખ પ્રકાશિત ન થયા હોત તો કદાચ તેણે આ વિષયોનું અન્વેષણ એ રીતે કરવાનું ન વિચાર્યું હોત જે રીતે મેં મારા લેખોમાં કર્યું હતું. તેને લાગ્યું કે તેને વિચારવા માટે એક નવો દૃષ્ટિકોણ મળી ગયો છે. એકબીજાને અનુભવ અને મનનચિંતન જણાવવાની આ જ શક્તિ છે — અને તેથી જ મને આમ કરવું *ખૂબ જ ગમે* છે. આનાથી આપણે શ્રીગુરુની શિખામણોને ઘણા જુદાજુદા દૃષ્ટિકોણથી સમજવાનું શીખીએ છીએ.

ગુરુમાઈજીના આદેશ અને તેમના પ્રોત્સાહનથી, મને ફરી એકવાર તમને મારાં મનનચિંતન જણાવવાની સુંદર સેવા મળી છે — આ વખતે મહાશિવરાત્રિના સત્સંગમાંથી ગુરુમાઈજીની શિખામણો પર. જેમ મેં ગયા મહિનામાં કર્યું હતું, તેમ આ સત્સંગમાંથી પણ મેં કેન્દ્રણ કરવા માટે કેટલીક મુખ્ય શિખામણો પસંદ કરી છે. ગુરુમાઈજીની આ શિખામણો પર મારું અન્વેષણ આખા માર્ચ મહિના દરમ્યાન સિદ્ધયોગ પથની વેબસાઇટ પર ઘણા ભાગોમાં પ્રકાશિત કરવામાં આવશે.

હું તમને જણાવવા માગું છું કે મેં મકરસંક્રાંતિના સત્સંગ વિશે જે પણ લખ્યું હતું, તેના વિશે તમે તમારા જે અનુભવ અને મનનચિંતન મોકલ્યાં છે, તે દરેકને મેં વાંચ્યાં છે. તમે જે ઉત્સાહ અને નિષ્ઠાભાવથી ગુરુમાઈજીની શિખામણો સાથે કાર્યરત થઈ રહ્યા છો, તે મારા હૃદયને સ્પર્શી ગયું. જો તમને આનાથી આટલી પ્રેરણા મળી છે તો હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે “શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન”ની આ નવી શૃંખલા માટે પણ આવું જ કરજો. આ શિખામણો પર મારાં મનનચિંતન વિશે તમારા વિચારો જણાવજો.

મને લાગે છે કે આ એક પ્રકારનું “ડિજિટલ સાધના સર્કલ” છે, જ્યાં આપણે ગુરુમાઈજી સાથે સત્સંગ કર્યા પછી મળીએ છીએ અને ચર્ચા કરીએ છીએ કે આપણે શું શીખ્યાં, આપણી અંદર કયા-કયા પ્રશ્નો ઊભરીને આવ્યા, આપણે કયા-કયા વિષયોનું વધુ અન્વેષણ કરવા માગીએ છીએ. સિદ્ધયોગ પથ પર ચાલવા માટે આ જ રીતે આપણે એકબીજાને મદદ કરીએ છીએ. આ જ રીતે, આપણે નવા સાધકો માટે એવા સ્થાનનું નિર્માણ પણ કરીએ છીએ જ્યાં આ અદ્‌ભુત પથ પર ચાલતી વખતે, તેઓ જે અનુભવ કરી રહ્યા છે તેના વિશે તેમના વિચારો અને ભાવનાઓને વ્યક્ત કરી શકે.

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.